**અખબારી યાદી**

# આયુશક્તિના સંચાલિકા ડૉ. સ્મિતા નરમ જીવન ગૌરવ પુરસ્કારથી સન્માનિત

છેલ્લા ઘણાં વર્ષોથી માનવતાની અવિરત સેવા અર્થે જનતાની તંદુરસ્તી માટે અવિરત પરિશ્રમ કરનારાં આયુશક્તિ આયુર્વેદના સંચાલિકા ડૉ. સ્મિતા નરમને આ અદ્‌ભૂત અને અલૌકિક કાર્ય માટે ચેન્નાઈની 'વર્લ્ડ વેલનેસ યુનિવર્સિટી'એ વિશિષ્ટ પારિતોષિક એનાયત કરીને તેમનું બહુમાન કર્યું હતું. ૨૬ માર્ચ-૨૦૦૮ના રોજ ચેન્નાઈ ખાતે યોજાયેલા વિશેષ સમારંભમાં તેમને આ પારિતોષિક એનાયત કરાયું હતું.

ડૉ. સ્મિતા નરમ આયુશક્તિ આયુર્વેદ પ્રા. લિ. સંસ્થાનાં સ્થાપક છે. આયુશક્તિનાં અમોઘ તથા અસરકારક ઔષધો ડૉ. પંકજ નરમના માર્ગદર્શનમાં ડૉ. સ્મિતા નરમની નિગરાણીમાં કાળજીપૂર્વક બનાવાય છે. ડૉ. સ્મિતા નરમ પોતે એક નિષ્ણાત નાડી ચિકિત્સા વિશેષજ્ઞ છે. તેમના અભ્યાસ અને સંશોધનનો મુખ્ય વિષય 'પંચકર્મ' છે. તેમના સમર્થ માર્ગદર્શનને કારણે જ આયુશક્તિનો પંચકર્મ વિભાગ સમગ્ર વિશ્વમાં ચિકિત્સા માટે મશહૂર બન્યો છે.

તાજેતરમાં જર્મની ખાતે આયુશક્તિ આયુર્વેદના વધુ એક કેન્દ્રનું ઉદ્‌ઘાટન થયું હતું. તે ઉપરાંત સ્પોર્ટ્સ મેડિસિનમાં પણ વિશેષતાને કારણે રશિયના સ્ત્રી ટેનિસ ખેલાડી વાસિલિસા બાદેલિના જેવા અનેક ટેનિસ ખેલાડીઓ પણ રિહેબિલિટેશન તથા ફિટનેસ માટે આયુશક્તિમાં સારવાર લેવા આવ્યા હતા. તે ઉપરાંત ઈન્ડિયન હોકી ફેડરેશન પણ હોકી ખેલાડીઓની ફિટનેસ માટે આયુશક્તિની મદદ લે છે.